## ભગવાન દુઃખી થવા નથી દેતા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

શ્રીહરિ ભક્ત વત્સલ છે અને વળી કીર્તનમાં કહ્યું છે તેમ ''સંતોના શ્યામ દોહ્યલી વેળાનાં દામ'' જરાય ખોટું નથી. હવે વાતોમાં મોણ નાંખ્યા વગર સીધી જ વાત કરીએ તો - વાત એમ બની કે એક વખત અષાઢ મહિનો શરૂ થયો. મહારાજે આકાશ તરફ નજર કરી. ક્યાંય પાણી ભરેલી વાદળી દેખાઈ નહીં. મહારાજને ચોમાસાની ચિંતા થઈ હશે અને સાથે સાથે પોતાના સંતો અને હરિભક્તોની ચિંતા તો હોય જ ! એટલે શ્રીહરિ સંતોને ભલામણ કરે છે કે - હે સંતો ! સાંભળો, ખૂબજ અગત્યની ભલામણ કરું છું.

''આ અષાઢ સુદ પાંચમે જો આકાશમાં વિજળી ઝબુકે તો જ ગુજરાતમાં રહેજો અને જો ન ઝબુકે તો પૂર્વના દેશમાં ચાલી નીકળજો.''

બે-ત્રણ દિવસ પછી અષાઢ સુદ પાંચમ આવી. આખો દિવસ સંતોને મહારાજની વાણીનું સ્મરણ થતું. આજે રાત્રે વિજળી ઝબુકે તો ગુજરાતમાં રહેવું, નહિ તો ગુજરાતમાં રહેવું નહીં. મહારાજની આજ્ઞા પ્રમાણે પૂર્વમાં ચાલી નીકળીશું.

સંધ્યા આરતી થઈ. સંતોની નજર આકાશ તરફ છે. આકાશ વાદળાથી ઘેરાયેલું છે. પણ વિજળીનો ચમકારો થયો નહી. ખરેખર આછેરો ચમકારો થયેલો પણ વાદળાની વચમાં જણાયો નહિ. બીજે દિવસે જેતલપુર થઈ સંતોએ રામદાસભાઈ પાસે જઈ પૂર્વમાં જવાની મહારાજની આજ્ઞાની વાત કરી રજા લીધી.

પણ, આ તો રામદાસભાઈ ! સ્નેહની મૂર્તિ - તેમણે મનથી રજા ન આપી. પણ મહારાજની આજ્ઞા એટલે આજ્ઞા. તેથી ભાલમણ કરી, હે સંતો ! રોકાઈ ગયા હોત તો સારૂં હતું પણ કાંઈ નહિ, જાવ. પણ જો ગુજરાત છોડતાં પહેલાં ગાજ-વિજ-વરસાદ થાય તો જરૂર પાછા વળજો. ઉતાવળા થઈ પૂર્વમાં જતા ન રહેતા. અને શ્રીહરિ સ્વયં બધું જ જાણે છે, કોઈ પાસે હાથ લંબાવશો નહિ.

રજા લઈ સંતોએ ચાલવા માંડ્યું. વળી મહારાજની આજ્ઞા હતી. ઝાડીમાં થઈને જજો. એટલે સંતો ચાલવા માંડ્યા. ઝાડીમાં તો ન ગામ આવે કે ન નગર આવે. ચાલતા ચાલતા ત્રણ દિવસ વીતી ગયા. ભૂખ્યા થયા હતા. તરસ પણ લાગી હતી. પણ આ તો તપ ! આજ્ઞા એટલે આજ્ઞા. સંતો પ્રભુના લીલાચરિત્રો કહેતાં અને સાંભળતાં ચાલ્યા જાય છે.

# સત્સંગ બાલવાટિકા

સ્વામિનારાયણ ભગવાનને પોતાના સંતોની ચિંતા થઈ એટલે પ્રભુએ વેપારીનું રૂપ લીધું અને ઝાડી માર્ગે ચાલતા થયા. રસ્તામાં સંતોનું મંડળ સામું મળ્યું. એટલે પ્રભુએ સામેથી સાવ અજાણ હોય તેમ સંતોને પ્રશ્ન કર્યો -

હે સંતો ! આપ કોના સાધુ છો ? અને કોનું ભજન કરો છો ? તમારો પહેરવેશ, મુખપરની પ્રસન્નતા અને તેજ એમ જણાવે છે કે આપ જરૂર પ્રગટ પ્રભુની ભક્તિ કરતા હશો. ત્યારે સંતોએ કહ્યું - હે શ્રેષ્ઠીવર ! અમે સ્વામિનારાયણ ભગવાનના સંતો છીએ. અને તે પ્રગટ પ્રભુની ઉપાસના - ભજન - ભક્તિ કરીએ છીએ. અને નિજાનંદમાં રહીએ છીએ. વેપારીએ સંતોને કહ્યું તમને જોયા ત્યારથી મારૂં મન એવું આકર્ષિત થયું છે કે આપના મંડળને જમાડવાની મારી ઈચ્છા છે. જો આપ હા ભણો તો નજીકમાં જ આ વડોદરા જિલ્લાનું ડભોઈ ગામ છે ત્યાં આપણે બધા જઈએ. સીધું એકત્રિત કરી બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી આપને જમવાની તૈયારી કરાવું. સંતોએ હા ભણી. ત્રણ ત્રણ દિવસના નકોરડા ઉપવાસ થયેલા. અને હરિ ઈચ્છાથી એ શ્રેષ્ઠી મળ્યા એટલે ના ન પાડી શક્યા. સંતો પ્રસન્ન વદને જમ્યા અને શ્રેષ્ઠીને વાત કરી. શેઠ ! ત્રણ દિવસથી ભૂખ્યા હતા. ભગવાને જ આપને મોકલ્યા. પ્રભુ મનમાં મંદ મંદ હસી રહ્યા હતા. ત્યાં એકદમ વરસાદ થયો. એટલે સંતોને યાદ આવ્યું કે - જતાં જતાં આપણને રામદાસભાઈએ આજ્ઞા કરી હતી. વાટમાં વરસાદ પડે તો પાછા વળજો. પૂર્વમાં ન જતાં અને સંતમંડળ પાછું વળ્યું અને ચાલતું ચાલતું વડોદરા પહોંચ્યુ.

સ્વામિનારાયણ ભગવાન કેવા દયાળું છે ! સંતોને દૂર દેશમાં જવાની આજ્ઞા કરી પણ ''વચનમાં વિશ્વાસ રાખે ભજનમાં ભળી'' એ મુજબ ભગવાનના વચનમાં વિશ્વાસ રાખ્યો તો એજ ભગવાને ભૂખ્યા સંતને જમાડી પણ દીધા અને વરસાદ પણ વરસાવ્યો. જેથી સંતોને દૂર દેશમાં જવું ન પડ્યું.

આમ, જો ભગવાનની આજ્ઞા અને વચનમાં વિશ્વાસ રાખીશું તો ભગવાને સ્વયં કહ્યું જ છે ને કે ''મારા આશ્રિત ને ક્યારેય અન્ન-વસ્ત્રથી દુઃખી થવા નહીં દઉં.''

●

### હૃદય નિર્મળ બની જાય

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર શ્રીજી મહારાજ ઉતર ગુજરાતના ઉંઝા ગામના પાદરે પધાર્યા. વડના વૃક્ષ હેઠે ઉતર્યા. સાથે કાઠી દરબારોના ઘોડા પણ હતા. મહારાજે કહ્યું. આ મોટું તળાવ છે જાઓ ત્યાં ઘોડાને પાણી પાઈ આવો. બધા જ અસ્વારો પોત પોતાના ઘોડા લઈ અને ઉંઝાના એ તળાવમાં પાણી પાવા ગયા પણ તળાવમાં એક વેંત જેટલી જાડા દળવાળી ભયંકર લીલ હતી. પાણી તો દેખાય જ નહિ. એટલે ઘોડા તરસ્યા પાછા આવ્યા. મહારાજ ! તળાવ તો ઘણું મોટું છે. પણ એવી ભયંકર લીલ છે તેથી પાણી તો નજરે ચડતું નથી.

અને એ જ વખતે ગામના ઘણા માણસો મહારાજનાં દર્શન માટે આવ્યા અને મોટી સંખ્યામાં ભક્તો, મુમુક્ષુઓ, જીજ્ઞાસુઓ બધા ઉભા હતા. એ સૌ બોલ્યા, કે હે સ્વામિનારાયણ ભગવાન ! આ તળાવમાં કોઈકનો મોટો શાપ છે કે પાણીમાંથી ક્યારેય પણ લીલ જતી જ નથી અને આ તળાવ પણ ઘણું મોટું છે. બારે માસ પાણી રહે છે. પરંતુ એ પાણી કોઈને કામ લાગતું નથી. ગામના માણસોની વાત સાંભળી મહારાજ માણકી ઉપર અસ્વાર થયા અને માણકીને લઈ તળાવના પાણીમાં ઉતર્યા. ગામના હજારો માણસો તળાવની પાળે ઉભા ઉભા જોતા હતા અને શ્રીજી મહારાજે પોતાની માણકી ઘોડીને એ લીલમાં નાખી અને મહારાજના ચરણના સ્પર્શથી ઘોડીના પગથી એ લીલ તૂટવા માંડી. મહારાજ ઘોડીને ઉંડી લઈ ગયા. અને એવી લીલ તૂટવા માંડી કે એના ફટાકા થવા માંડ્યા અને ઘડી અડધી ઘડીમાં તો આખા તળાવમાં એક પૈસાભાર પણ લીલ રહી નહી. અને આખા તળાવનું પાણી નિર્મળ થઈ ગયું.

ગામના માણસોએ નજરે જોયું. સૌને નિશ્ચય થયો કે સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. અને એમણે આપણા ગામ માટે બહુ મોટું કામ કરી આપ્યું. આ મોટો પરચો થયો અને ગામના માણસો જઈ જઈને એક એક શ્રીફળ લાવી અને મહારાજના ચરણે મૂક્વા માંડ્યા. એ શ્રીફળનો મોટો ગંજ થયો તે બધા જ ભક્તને મહારાજે સેવામાં બેસાડ્યા. એ શ્રીફળ બધા વધેર્યા અને શ્રીફળની પ્રસાદી કરી આખા ગામને વહેંચી. આવો પ્રભાવ મહારાજે ઉંઝામાં બતાવ્યો.

વહાલા ભક્તો જેમ તળાવમાં જામેલી લીલનાં પડ આખા તળાવનાં પાણીને નકામું બનાવી દે છે તેમ આપણા હૃદયમાં પણ દુર્ગુણોનાં પડ જામ્યા હોય છે. એવા હૃદયમાં જો પરમાત્મા પધારે તો (એટલે કે ભગવાનનું ધ્યાન ભજન કરવાથી) જનમ જનમનાં પડ ઉખડી જાય છે અને હૃદય નિર્મળ બની જાય છે.